આંતરમાળખાકીય વિકાસના વિવિધ ૯ કામો માટે

ગાંધીનગર કોર્પોરેશનને ૩૭ કરોડ મંજૂર

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ફાળવણી : કોર્પોરેશન ટુંક સમયમાં કામગીરી શરૂ કરશે

ગાંધીનગર, તા. ૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર મહાનગરપાલિકાને આંતરમાળખાકીય વિકાસના ૯ કામો રૂ. ૩૭ કરોડ રૂપિયાના ખર્ચે હાથ ધરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ૨૦૨૨-૨૩ના વર્ષની કરેલી દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ રજુ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આ દરખાસ્તને સૈદ્ધાંતિક અનુમતિ આપતાં ભૌતિક આંતરમાળખાકિય વિકાસના પાંચ કામો માટે રૂ. ૨૧ કરોડ, સામાજિક આંતરમાળખાકિય વિકાસના ૧ કામ માટે રૂ. ૭ કરોડ તેમજ આગવી ઓળખના ૩ કામો માટે રૂ. ૯ કરોડ મળી કુલ ૩૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

તદઅનુસાર ફિઝીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના જે કામો હાથ ધરાશે તેમાં પેથાપુર, વાવોલ, ઝુંડાલ અને કોબા ખાતે કોમ્યુનિટી હોલ, વોર્ડ ૧૦ કે ૧૧માં ફાયર સ્ટેશન, સ્ટ્રીટલાઈટ, જુદા જુદા સેક્ટર ફરતે કમ્પાઉન્ડ વોલ તેમજ સુઘડ, નભોઈ, વાસણા હડમતિયા, ઝુંડાલ, ખોરજ, ભાટ, કોટેશ્વર અને અમીયાપુર તથા કોબામાં સ્મશાન અને કબ્રસ્તાનના નવિનીકરણની કામગીરી જેવા પાંચ કામો માટે કુલ ૨૧ કરોડ ફાળવાશે.

સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટના કામો અંતર્ગત કોબા અને ઝુંડાલ ખાતે નવિન અર્બન હેલ્થ સેન્ટર તેમજ સેક્ટર-૨૪, ૨૯ અને ૨ ના અર્બન હેલ્થ સેન્ટરમાં આરોગ્યલક્ષી સુવિધાઓ પુરી પાડવાના કામો માટે રૂ. ૭ કરોડ મહાનગરપાલિકાને ફાળવાશે.

એટલું જ નહિ વોર્ડ નં. ૧૧ અને ૨ માં ગાર્ડન ડેવલપમેન્ટ તથા સેક્ટર-૩૦ અને બોરીજ ખાતે પણ ગાર્ડન વિકાસ એમ કુલ ૩ કામો માટે રૂ. ૯ કરોડ ફાળવવામાં આવશે.

આ ૯ કામોની દરખાસ્તમાં સૂચવેલા કામોના વિગતવાર અંદાજો અને ટેકનિકલ મંજૂરી મેળવ્યા બાદ ગાંધીનગર મહાનગરપાલિકા તેની કામગીરી શરૂ કરી શકશે એવું પણ સૂચવવામાં આવ્યું છે.

સ્વતંત્ર્ય દિવસે યુજીવીસીએલના કોન્ટ્રાકટરોની કલોલમાં હડતાલ

સત્વરે પડતર માંગણીઓ નહીં સ્વીકારાય તો વીજલાઈન મેન્ટેનન્સ કામો ઠપ્પ કરવાની ચિમકી પણ ઉચ્ચારાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે સ્વાતંત્ર દિને ઉત્તર ગુજરાત કોન્ટ્રાકટરો દ્વારા તેમની પડતર માંગણીઓ સંદર્ભે હડતાલ પાડી હતી. જેના કારણે વીજ લાઈનોના કામ ઠપ્પ થઈ ગયા હતા. આ સાથે ઉત્તર ગુજરાત વીજ કોન્ટ્રાકટર એસો.ના નેજા હેઠળ આ હડતાલમાં જોડાયેલા અંદાજે ૧૫૦ જેટલા વીજ કોન્ટ્રાકટરોએ જયાં સુધી તેમની પડતર માંગણીઓ નહીં સંતોષાય ત્યાં સુધી નવા તેમજ પડતર કામો હાથ નહીં ધરાય તેવી ચિમકી પણ ઉચ્ચારી હતી. લાઈન ઉભી કરવાના કામોમાં મોંઘવારીના પ્રમાણે ૭૦ ટકાનો ભાવ વધારો આપવામાં આવે જે તેમને છેલ્લા ચાર-પાંચ વર્ષથી ભાવ વધારો અપાયો નથી.

આ ઉપરાંત તેમને ડીવીઝન સ્ટોરમાંથી નટ-બોલ્ટ આપવામાં આવે અને જો તે બજારમાંથી ખરીદવાના હોય તો બજારભાવનો પરિપત્ર જાહેર કરાય તેમજ વેન્ડરની નોંધણી ઈલેકટ્રીકલ લાઈનને લગતાં ઓવરહેડ તથા કેબલ કામના વિભાગને એકસરખાં ગણવા એ કામની સમયમર્યાદા બાબતે સબ વર્ક ઓર્ડરમાં સો ટકા મટીરીયલ આપ્યા બાદ કામની શરૂઆત ગણવા અંગે માંગણી કરવામાં આવી છે. આ સાથે એસો.એ જો તેમની માંગણી સ્વીકારવામાં નહીં આવે તો પાંચ હજાર જેટલા ગામોમાં ચાલતાં વીજલાઈન, મેન્ટેનન્સ સહિતના કામો ઠપ્પ કરી દેવાીન અને સુભાષચંદ્ર બોજના માર્ગે જવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌરાષ્ટ્રની આગવી ભાતીગળ સંસ્કૃતિની ઓળખ સમા રાજકોટના પરંપરાગત લોકમેળાનો પ્રારંભ કરાવીને જેને સૌરાષ્ટ્રની લોકબોલીમા ફજર ફાળકો કહેવાય છે તેવા ચકડોળની સવારીની મોજ કર્ણાટકના પૂર્વ રાજયપાલ અને વરિષ્ઠ અગ્રણી વજુભાઈ વાળા સાથે માણી હતી. મેળાના પ્રારંભ અવસરે સહભાગી થયેલા મંત્રી જીતુ ભાઈ વાઘાણી, રાઘવજી પટેલ, બ્રિજેશ મેરજા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ વગેરેએ પણ ચકડોળની સવારીનો આનંદ લીધો હતો.

હર ઘર તિરંગા અભિયાનમાં

કરોડના લક્ષ્યાંકની સામે ૧.૪૦ કરોડ તિરંગા લહેરાવીને ગુજરાતે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, તા. ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારતની આઝાદી સમયે જોવા મળેલો રાષ્ટ્ર ભક્તિનો જુસ્સો આજે ૭૫ વર્ષ બાદ આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે 'હર ઘર તિરંગા' અભિયાન થકી ગુજરાત સહિત દેશભરમાં જોવા મળ્યો તે બદલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને આજે મળેલી કેબિનેટ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતો આભાર પ્રસ્તાવ પસાર કરાયો છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી શરૂ થયેલાં હર ઘર તિરંગા અભિયાનને ગુજરાતમાં વ્યાપક પ્રતિસાદ મળ્યો છે. રાજ્યમાં એક કરોડના લક્ષ્યાંકની સામે ૧.૪૦ કરોડ તિરંગા લહેરાવીને ગુજરાતે રાષ્ટ્ર ભક્તિમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે તે બદલ પ્રવક્તા મંત્રીએ રાજ્યની જનતા જનાર્દનનો આભાર માન્યો હતો. રાજ્યના તમામ ૩૩ જિલ્લાઓના તમામ ગામ-શહેરો અને નગર-મહાનગરોમાં સરકારી-ખાનગી કચેરીઓ, વિવિધ સંસ્થાઓ, વિવિધ ધાર્મિકસ્થાનો, ઐતિહાસિક ઈમારતો, શાળા-કોલેજો, નાના-મોટા ઉદ્યોગગૃહો, મુખ્ય જળાશયો, જંગલ, દરિયાઈ વિસ્તાર, રણ વિસ્તાર, પર્વત વિસ્તાર, માર્કેટ, ઝુંપડું કે મકાન તમામ વિસ્તારોમાં તિરંગા લહેરાવવામાં આવ્યા હતા અને દેશપ્રેમના અદ્વિતીય વાતાવરણનું નિર્માણ થયું હતું.

૧૯મી સદી અંગ્રેજોની ૨૦મી સદી અમેરિકનોની હવે એકવીસમી સદી ભારતની : કુમાર વિશ્વાસ

દુનિયા એ ૧૯મી સદી અંગ્રેજોની જોઈ છે, પછી ૨૦મી સદી અમેરિકાની જોઈ છે, પણ એકવીસમી સદી ભારતની હશે, કારણકે ગુજરાતના બે નેતા ગઈ સદીમાં અંગ્રેજો પાસેથી આઝાદી લાવ્યા હતા અને એકવીસમી સદીના બે ગુજરાતી નેતાઓ વિશ્વમાં ડંકો વગાડશે. આ વિશ્વાસ પોતાની કવિતામાં "આઝાદીના અમૃત મહોત્સવ"ની અનોખી ઉજવણીમાં જાણીતા હાસ્ય કવિ કુમાર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અમદાવાદમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી હાસ્ય કવિ સંમેલનથી અનોખી રીતે ઉજવાય. જી.એસ.સી. બેન્ક, રાજપથ ક્લબ, કર્ણાવતી ક્લબ, સ્પોર્ટ્સ ક્લબ અને એ.ડી.સી. બેન્કના ઉપક્રમે ૧૫મી ઓગસ્ટની પૂર્વ સંધ્યાએ "આઝાદીના અમૃત મહોત્સવ" હાસ્ય કવિ સંમેલનથી અનોખી રીતે ઉજવાયો. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ઉપક્રમે "હર ઘર તિરંગા"ના ઉપલક્ષ્યમાં જી.એસ.સી. બેન્ક, રાજપથ ક્લબ, કર્ણાવતી ક્લબ, સ્પોર્ટ્સ ક્લબ અને એ.ડી.સી. બેંકના ઉપક્રમે યોજાયેલા "હાથો મે તિરંગા હો" -કવિ સંમેલનમાં દેશના નામાંકિત હાસ્ય કવિ કુમાર વિશ્વાસ, વેદવ્રત વાજપેયી, શંભુ શિખર, ડો. સુમન દુબે અને કવિ શ્રી પાર્થ નવિને પોતાની રચનાઓ થી ઉપસ્થિત લોકોને આઝાદીના રંગે રંગી દીધા હતા. કવિ ડો. કુમાર વિશ્વાસે પોતાની કવિતાઓનું પઠણ કરતા પહેલા કહ્યું કે, દેશની આઝાદીની લડાઈ આજની યુવા પેઢીએ જોઈ નથી , પણ આજે જે અભિવ્યક્તિની સ્વતંત્રતા છે એ અગણિત શહીદોના બલિદાનથી છે. નવી પેઢીને આ આઝાદીની લડાઈ અને શહીદોના બલિદાનની જાણકારી મળે એ માટે દેશભરમાં યોજાયેલા "આઝાદીના અમૃત મહોત્સવ"ની કેટલાક લોકો ભલે ટીકા કરે, પણ આની ઉજવણી માત્ર ભારતમાં નહિ , દુનિયાભરમાં વસતા તમામ ભારતીયો એ કરી છે.

આ પ્રસંગે કુમાર વિશ્વાસે હળવી ટકોર કરતા કહ્યું કે ' દેશ ને આઝાદ કરાવવા માં બે ગુજરાતીઓ ગાંધી અને સરદાર હતા, હવે આજના ના બે ગુજરાતીઓ એવા છે કે જે રાત્રે ટી.વી. પર આવી એવી પણ જાહેરાત કરી શકે કે 'મિત્રો કલ સે દિલ્હી કી સીમા બઢાકર લાહોર તક કી ગયી હૈ'. આ પ્રસંગે ભાજપાના પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ, પ્રદેશ ભાજપાના મહામંત્રી પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશ સહ કોષાધ્યક્ષ ધર્મેન્દ્રભાઈ શાહ, શહેર ભાજપા અધ્યક્ષ અમિતભાઈ શાહ, ધારાસભ્ય સર્વ પ્રદિપસિંહ જાડેજા, જગદીશભાઈ પટેલ, બાબુભાઈ જમનાદાસ પટેલ, સહકાર સેલના ભાજપના પ્રદેશ કન્વીનર બિપીનભાઈ પટેલ, ચેમ્બર ઓફ કોર્મસના અગ્રણીઓ, ત્રણેય કલબોના હોદેદારોની સાથો સાથે ગુજરાત સ્ટેટ કો.-ઓ. બેંક તેમજ ગુજરાત રેડક્રોસ સોસાયટીના ચેરમેન અજયભાઈ પટેલ, કર્ણાવતી કલબના પ્રમુખ એન.જી. પટેલ, રાજપથ કલબના પ્રમુખ જગદીશભાઈ પટેલ અને સ્પોર્ટસ કલબના પ્રમુખ એન.કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતાં.

કોમનવેલ્થ ગેઇમ્સમાં મેડલ્સ મેળવી

રાજ્યનું નામ રોશન કરનારા ગુજરાતના ખેલાડીઓને પુરસ્કાર

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોમનવેલ્થ ગેઇમ્સ-૨૦૨૨ માં વિવિધ રમતોમાં મેડલ્સ પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ વિનર ગુજરાતના ખેલાડી હરમિત દેસાઈને રૂ. ૩૫ લાખનો ખેલ પ્રતિભા પુરસ્કાર એનાયત કર્યો હતો. મુખ્યમંત્રી

ભારત અને ગુજરાતનું વિશ્વમાં ગૌરવ વધારનારા ખેલાડીઓને ગાંધીનગરમાં કુલ ૮૦ લાખ રૂપિયાના ખેલ પ્રતિભા પુરસ્કાર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ દ્વારા ગાંધીનગરમાં આ વિજેતા ખેલાડીઓના સન્માનનો ગૌરવશાળી સમારોહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી અને રાજ્ય મંત્રીએ કોમનવેલ્થ ગેઇમ્સ-૨૦૨૨માં ટેબલ ટેનિસ રમતમાં ટિમ ઈવેન્ટમાં ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ પેરા ટેબલ ટેનિસમાં સિંગલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત ભાવિના પટેલને રૂ. ૨૫ લાખ, બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત દિવ્યાંગ ખેલાડી સોનલ પટેલને રૂ. ૧૦ લાખની પુરસ્કાર રાષિના ચેક અર્પણ કર્યા હતા. તેમણે આ કોમનવેલ્થ ગેઇમ્સમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારી ગુજરાતની બે પ્રતિભાવંત મહિલા ક્રિકેટર યાશિકા ભાટિયા અને રાધા યાદવને પ્રત્યેકને પાંચ લાખ રૂપિયા ખેલ પ્રતિભા પુરસ્કાર અન્વયે અર્પણ કર્યા હતા.

હવે વર્ષ ૨૦૦૬ પહેલાં ફિક્સ પગારની નોકરીમાં જોડાયેલા કર્મચારીઓની સેવા સળંગ ગણાશે

ગાંધીનગર, તા.૧૭

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું છે કે, રાજ્ય સરકાર અધિકારી-કર્મચારીઓના હિત માટે અનેક નિર્ણયો લઈ રહી છે ત્યારે આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠકમાં વધુ એક કર્મચારી હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં ફિક્સ પગાર નીતિ અંતર્ગત નોકરી કરી રહેલા કર્મચારીઓની નોકરીની સેવાઓ સળંગ ગણવા અંગે નાણાં વિભાગ દ્વારા વર્ષ ૨૦૧૭માં ઠરાવ કરવામાં આવ્યો હતો જેમાં વર્ષ ૨૦૦૬ પહેલાં ફિક્સ પગારમાં નોકરી કરતા કર્મચારીઓને લાભ મળતો ન હતો. હવે વર્ષ ૨૦૦૬ પહેલાં ફિક્સ પગારની નોકરીમાં જોડાયેલા કર્મચારીઓની નોકરીની સેવા સળંગ ગણવા નિર્ણય લેવામાં આવ્યો છે. મંત્રી વાઘાણીએ ઉમેર્યું કે, રાજ્યમાં વર્ષ-૨૦૦૬ પહેલા ફિકસ પગારની નિતી અન્વયે નિમણુંક પામેલા કર્મચારીઓની ફિકસ પગારની પાંચ વર્ષની સેવા હવે સળંગ ગણવામાં આવશે. આ નિર્ણય અંતર્ગત નાણાં વિભાગના તા. ૧૮/૧/૨૦૧૭ના ઠરાવ મુજબ દર્શાવેલ બઢતી તેમજ ઉચ્ચત્તર પગાર ધોરણ સહિતના લાભો ગણતરીમાં લેવામાં આવશે. આ નિર્ણયથી અંદાજે ૪૨,૦૦૦ થી વધુ વર્ષ-૨૦૦૬ પહેલા નિમણુક પામેલા કર્મચારીઓને લાભ થશે. હવે આ કર્મચારીઓની પણ ફિકસ પગારની પાંચ વર્ષની સેવા, બઢતી ઉચ્ચત્તર પગાર ધોરણ જેવા લાભો ગણતરીમાં લેવાશે.

લાગણીનો મેળો ● અનુસંધાન ચોથાનું ચાલુ...

ઈચ્છા શક્તિ છે? દુનિયા આખી તમારી સામે હાથમાં તલવાર લઈને જો ખડી થઈ જાય , તો પણ તમે જે સાચું માનો છો તે કરવાની તમારામાં હિંમત છે ? તમારા સ્ત્રી પુત્રા દિ તમારી વિરુદ્ધમાં હોય, તમારો પૈસો બધો ખલાસ થઈ

જાય, તમારી કીર્તિને માથે પાણી ફરી વડે, તમારી સંપત્તિ સાફ થઈ જાય, તે છતાં તમારી માન્યતા ને વળગી રહો છો ખરા? તમારામાં એવી મક્કમતા છે? જો તમારામાં આ ત્રણ બાબતો હશે તો તમે ચમત્કારો બતાવી શકવાના. તમારે છાપાઓમાં છપાવવા જવાની જરૂર નહીં રહે ; તમારે ભાષણ ખોરીનીએ જરૂર નહીં પડે. તમારો ચહેરોજ દીપી ઊઠશે. તમે ગુફામાં રહેતા હશો તો પણ એ ખડકની દીવાલો સોંસરા તમારા વિચારો નીકળશે. અને સેંકડો વર્ષો સુધી ગુંજતા ગુંજતા જગતભરમાં ગુમ્યા કરશે અને અંતે તે કોઈ એકના મગજમાં ચોંટી જઈને કદાચ ત્યાં કાર્યમાં પરિણમશે. વિચારની, સચ્ચાઈની અને શુદ્ધ હેતુની આવી શક્તિ છે. આ વિવેક વાણી આપણા સૌની જીવન વાણી બને એવી અમૃતમય શુભેચ્છા!

સ્પર્શમણિ

જગત લેણદાર છે આપણે તેના કરજદાર છીએ.

●●●

દ્વેષ ભાવનાથી પોષાતું દેશાભિમાન મારે છે પરંતુ પ્રેમ ભાવથી પોષાતું દેશાભિમાન તારે છે.

- ગાંધીજી

- rasikvaland1965@gmail.com Mo. 9913426949

પૂરની સ્થિતિ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સત્તાવાળાઓ તેમજ સંત સરોવરના સત્તાવાળાઓ સાથે સતત સંપર્કમાં છે.

આજે ધરોઈ બંધમાંથી ૫૭ હજાર ક્યુસેક્સ જેટલું પાણી છોડવામાં આવી રહ્યું છે. ત્યાર પછી લાકરોડા બેરેજમાંથી ૮,૨૬૫ ક્યુસેક્સ પાણી છોડવામાં આવી રહ્યું છે. ઉપરવાસમાં ભારે વરસાદ થયો હોવાથી ધરોઈ બંધમાંથી ૫૭,૦૦૦ ક્યુસેક્સ પાણી છોડવાના પરિણામે ગાંધીનગરમાં સંત સરોવર પાસે પાણીની આવક વધશે. સંત સરોવરનું ફૂલ રિઝર્વોયર લેવલ ૫૫.૫૦ મીટર છે અત્યારે પાણીની આવક વધતા પાણીની સપાટી ૫૪.૩૦ મીટર જાળવવામાં આવી રહી છે. સંત સરોવરના ૨૧ દરવાજામાંથી ૧૦ દરવાજા બે ફૂટ જેટલા ખોલવામાં આવ્યા છે અને ૩૦ હજાર ક્યુસેક્સ પાણી વાસણા બેરેજ તરફ છોડવામાં આવી રહ્યું છે.

કામગીરી આરંભી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચકાસણી રૂબરૂ મુલાકાત લઈ શરૂ કરી દીધી છે. તંત્ર દ્વારા મતદાન મથક પર પ્રાથમિક સુવિધાઓની ઉપલબ્ધિ સહિતની વિગતો ચકાસવામાં આવી રહી છે. પંચના ઉચ્ચ અધિકારીઓ સાથે તંત્રના અધિકારીઓ પણ સંપર્કમાં છે. રવિવારે યોજાનાર ખાસ ઝુંબેશ અને મતદાર નોંધણીના નિયમોમાં થયેલ ફેરફારો સાથે આ પ્રથમવાર ઝુંબેશ યોજાઈ રહી હોવાથી પંચ પણ તેની ચકાસણી માટે આવી શકે એમ છે. આથી તંત્રએ હવે મતદાન મથકોની ચકાસણી માટેનું અભિયાન હાથ ધર્યું છે. મતદારને એક કિ.મી.થી દૂર મતદાન માટે ના જવુ પડે તેની કાળજી પણ લેવામાં આવી છે. મતદાર યાદીના સંકલિત મુસદ્દામાં જિલ્લામાં ૮ મતદાન મથકો ઉમેરવામાં આવ્યા છે જે નોંધનીય છે.

નિરાકરણ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ મામલે સ્થાનિકો તંત્ર તેમજ ઈન્કવાયરી કચેરીને પણ રજુઆત કરી રહ્યા છે. સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જેના લીધે કર્મચારીઓને સરકારી આવાસ ફાળવવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. જયારે હાલ જે આવાસોમાં કર્મચારીઓના પરિવારનો વસવાટ છે તેમાં પણ અનેક ફરિયાદો રહીશોના રોષનુ કારણ બની છે. નાની મોટી સમસ્યા નિવારવા માટે રહીશોએ ખાનગી રાહે કામ કરાવવુ પડે છે. સરકારી આવાસોમાં રહેતા રહીશોની સમસ્યા નિવારવા તંત્રએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાની અનિવાર્યતા હોવાની માંગ પણ ઉઠવા પામી છે.

ગાબડા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા છે. રોજબરોજ અનેક ઠેકાણે મોટા ભુવા અસ્તિત્વમાં આવતા માર્ગ સલામતી સામે પણ મોટુ જોખમ મંડરાયુ છે. અગાઉ ચ - ૦ થી ઘ-૦ વચ્ચેના માર્ગ પર મોટુ ગાબડુ પડયુ હતુ માર્ગ વચાળે અસ્તિત્વમાં આવેલા આ ભુવાને પુરવા માટે તંત્રની ટીમ કામે લાગી હતી જયારે આજે ચ માર્ગ પર સે-૭ તરફ જવાના કોર્નર પાસે માર્ગ વચાળે જ મોટો ભુવો પડતા બે બુલડોઝર સાથે તંત્રની ટીમ ભુવો પુરવાના કામે લાગી હતી આ ઉપરાંત છ - ૫ પાસે પણ ભુવો પડતા રસ્તો બ્લોક કરી દેવાયો હતો. વરસાદી દિવસોમાં શહેર ભુવા નગરી બનતુ જાય છે. વરસાદ આવે અને બીજા દિવસે કોઈના કોઈ ઠેકાણે મોટા ભુવા જોવા મળે છે. આ સ્થિતિમાં વાહનચાલકોએ પણ વિશેષ સાવધાની રાખવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

આક્રોશ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. મુસાફરોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. એસ ટી ડેપોમાંથી આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં અવરજવર કરવા માટે પણ મુસાફરોને બસ સેવા મળતી નથી. જેના લીધે જિલ્લાના વિવિધ ગામોમાંથી ગાંધીનગર અપડાઉન કરતા વિદ્યાર્થીઓ કે નોકરીયાતોને પણ ખાનગી વાહનના સહારે અપડાઉન કરવાનો વારો આવ્યો છે. શહેરના એસ ટી ડેપોમાં મુસાફરોની સલામતીનો અભાવ છે. જયારે મુસાફરલક્ષી સુવિધાઓના નામે પણ શુન્યાવકાશ છે. એસ ટી ડેપોમાં વિદ્યાર્થીઓ સહીત મુસાફરો પણ પાસ યોજનાનો લાભ લે છે. ગાંધીનગરથી અપડાઉન કરતા મુસાફરો સહીત વિદ્યાર્થીઓ પણ વિદ્યાર્થી પાસ તેમજ મુસાફર પાસ યોજનાનો લાભ મેળવે છે. જયારે પાસ ઈસ્યુ કરવા માટે ડેપોમાં વિવિધ ૩ કાઉન્ટરો પણ ઉભા કરાયા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ડેપો સંકુલમાં માત્ર એક જ કાઉન્ટર કાર્યરત છે. જેના લીધે એસ ટી ડેપોમાં પાસ કઢાવવા માટે વિદ્યાર્થીઓની ભીડ જામે છે. કલાકો સુધી કતારમાં ઉભા રહેતા વિદ્યાર્થીઓમાં પણ રોષની લાગણી વ્યાપી છે. જયારે એક કાઉન્ટર જ કાર્યરત છે જેમાં વારંવાર સર્વર ડાઉન હોવાના લીધે પણ મુસાફરોએ સમય બગાડવાનો વારો આવે છે.

કોરોનાના કેસ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેર-જિલ્લામાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યો છે તે નોંધનીય છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૩ કેસ નોંધાયા છે. જેમાં એક મહિલા દર્દી અને એક દર્દી ૬૦થી વધુ વયના નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકાના અડાલજ ગામે ૬૯ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ તેમને સઘન સારવાર જરૂરી જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાંથી મોતીપુરામાંથી પણ એક કેસ મળી આવેલ છે.

કલોલના નારદીપુર ગામે ૫૦ વર્ષીય આધેડનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે ૯૦ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવાની સૂચના આપવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪૩૦૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૨ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલ કેસમાં પાંચ મહિલા દર્દી તેમજ ૩ દર્દી ૬૦થી વધુ વયના છે. શહેરમાં આજે સે. ૪માં ૮૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં મહિલા અને મોટીવયના દર્દીઓમાં સંક્રમણ જે રીતે વિસ્તરી રહ્યુ છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગાંધીનગર શહેરમાં સે. ૩, ૩-ન્યુ, સે. ૪ અને કુડાસણમાં ૨-૨ તેમજ કોબા, સે. ૧૯, વાવોલ અને સે. ૨૭માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસ સાથે ૧૩૦ જેટલા દર્દી હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં મોટાભાગના દર્દી હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય, ટેસ્ટીંગનું પ્રમાણ વધારવા માટે તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.